ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

Kranti guru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

રેફ.નં.: ક.યુ./ E.C.- Minuets -20 Sep '11 /૨૦૧૧ –૧૨/ 302 to 314 તા. ૨૬ / ૦૯ /'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૨૦મી સ્પટે '૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૦મી સ્પટે '૨૦૧૧**ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

I/C **કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ,

# તારીખ ૨૦મી સ્પટેબર ૨૦૧૧નાં રોજ બપોરે ૦૪: ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની આઠમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૦મી સ્પટેબર ૨૦૧૧નાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આઠમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. —અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. —સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. —સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

પના નંબર : ૨ : પર ચાલુ..

તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધનાં વાંચન દરમ્યાન ઠરાવ : ૩ : અન્વયે સફાઈ કામગીરી સંતોષકારક ન જણાય તો કરારની શરતોને આધીન, આ કરાર રદ્ કરી સદર કામગીરી અન્યને ફાળવવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવેલ હતી. સદર બાબતે થયેલ રજૂઆત તથા ઠરાવ : ૪ : અન્વયે CBCS અમલીકરણથી પરીક્ષા પધ્ધતિમાં થનાર ફેરફાર અનુસંધાને પરીક્ષાલક્ષી ફીમાં વધારો કરવા સંદર્ભે રચાયેલ પરીક્ષા ફી વધારા સમિતીએ કરેલ દરખાસ્ત અન્વયે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટેની નિયત થયેલ પરીક્ષાલક્ષી ફીનાં દરો વધુ જણાતા તે માટે થયેલ ફેર ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u> ગત સભાના ઠરાવ : ૩ : મુજબ સફાઈ કામગીરી સંતોષકારક ન જણાય તો કરારની શરતોને આધીન આ કરાર રદ્ કરી, પ્રવર્તમાન કરાર સંદર્ભે હાથ ધરાયેલ ટેન્ડર પ્રક્રિયા અન્વયે બીજા ક્રમે ઓછા ભાવ ભરનાર પાર્ટી, આ સૌથી ઓછા ભાવ ભરનાર (પ્રથમ) પાર્ટીએ ભરેલ ભાવે જ આ કામગીરી કરવા તૈયાર છે કે કેમ તે અંગે બીજા ક્રમે ઓછા ભાવ ભરનાર પાર્ટી સાથે નેગોશીયેશન કરી સદર બાબત ફેર વિચારણા અર્થે રજૂ કરવી.**

**જયારે ઠરાવ : ૪ : મુજબ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તથા બાહ્ય અભ્યાસક્રમો (External)અન્વયે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો સંબંધે પરીક્ષાલક્ષી ફી અન્વયે જે વધારો ઠરાવવામાં આવેલ છે તે ચાલુ રાખવો, પરંતુ રેગ્યુલર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અન્વયે નિયત થયેલ પરીક્ષાલક્ષી ફી વધારાના દર સંબંધે ફેર વિચારણા કરવા માટે પરીક્ષા ફી વધારા સમિતીએ ખર્ચ, આવક તથા ફીનું ધોરણ વગેરે જેવી વિગતો સાથે ફેર દરખાસ્ત રજૂઆત કરવી તથા સદર સમિતી અન્વયે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી કોલેજોનું પ્રતિનિધિત્વ કરવા માટે ર્ડા. શ્રી કે.વી.પાટીદાર –કાર્યકારી આચાર્યશ્રી, પિપલ્સ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી જે.બી.ઠકકર કોમર્સ કોલેજ,ભુજની નિયુકિત પણ કરવી.**

**ઉકત બાબતો સિવાય તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

**૨. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) દ્વારા નોન ૧૨ –બી યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતી વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ યોજના અન્વયે હાલે ફાળવવામાં આવેલ રકમ સંબધે હાથ ધરવાની થતી બાંધકામ અંગેની કામગીરી માર્ગ અને મકાન વિભાગ,ગુજરાત સરકાર ( R & B Dept., Gujarat Govt.)ને સુપ્રત કરવા સંબંધે નિર્ણય લેવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) દ્વારા નોન ૧૨–બી યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતી વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ યોજના હેઠળ રૂપિયા પાંચ કરોડ તથા રૂપિયા પાંચ કરોડ ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી હાલે રૂપિયા અઢી (૨.૫)કરોડની રકમ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) દ્વારા અત્રે મળી ગયેલ છે તેમાંથી યુનિવર્સિટી કેમ્પસ પર મકાન બાંધકામ કામગીરી હાથ ધરવાની રહે છે.

પના નંબર : ૩ પર ચાલુ..

જયારે ગુજરાત સરકાર તરફથી બાંધકામ વિષયક ગ્રાન્ટ ફાળવાતી હોય ત્યારે સામાન્ય રીતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા બાંધકામ કરાવવામાં આવતું હોય છે તે ઉપરાંત યુનિવર્સિટીની અલગ બાંધકામ શાખામાં ઈજનેર નથી તે જોતાં બાંધકામનું સુપરવિઝન અને બાંધકામ સારી રીતે થાય તે બાબત ધ્યાને લઈ રૂપિયા દશ કરોડનું આ સમગ્ર કામ સરકારશ્રીનાં માર્ગ અને મકાન વિભાગ મારફતે કરાવવું તેવું ઠરાવવામાં આવ્યુ. પ્રથમ તબકકે કઈ કઈ સુવિધાઓ ઉભી કરવા માટે આ કામગીરી ફાળવવામાં આવશે તે પણ નિયત કરી આ સંપૂર્ણ કામગીરી માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર ( R & B Dept., Gujarat Govt.)ને ફાળવવા અંગેની ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) ની વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ પેટે મળનાર કુલ રૂપિયા દશ કરોડ ( રાજય સરકારનાં રૂપિયા પાંચ કરોડ અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.)નાં રૂપિયા પાંચ કરોડ )નું સમગ્ર કામ ગુજરાત સરકારશ્રીનાં માર્ગ અને મકાન વિભાગ મારફતે કરાવવાનું ઠરાવવામાં આવે છે.**

**યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) દ્વારા નોન ૧૨–બી યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતી વન ટાઈમ કેચ અપ ગ્રાન્ટ યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (U.G.C.) દ્વારા હાલે અત્રે મળેલ રૂપિયા અઢી (૨.૫) કરોડની રકમ માંથી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સ્ટાફ કવાર્ટસ અને લેન્ડ સ્કેપીંગની સુવિધા, ક્રમ અનુસાર ઉભી કરવા માટે સદર સંપૂર્ણ કામગીરી માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર ( R & B Dept., Gujarat Govt.)ને સુપ્રત કરવા યોગ્ય કાર્યવાહી હાથ ધરવી.**

## ૩. પ્લંમ્બર અને ઈલેક્ટ્રીશીયનની નિમણૂંક કરવા બાબત :

યુનિવર્સિટીની વધતી જતી જરૂરિયાત સંદર્ભે વિવિધ બિલ્ડીગમાં પાણીની વ્યવસ્થા માટે અવાર નવાર પ્લંમ્બરની તથા વિજળી વિશેના કામ માટે ઈલેક્ટ્રીશીયનની જરૂર પડે છે અને તે માટે હાલે આવા કામ કરતી વ્યક્તિઓને છૂટક કામ માટે બોલાવવામાં આવે છે ત્યારે સત્વરે આવા કામદાર મળતા નથી. વળી સાફ –સફાઈની કામગીરી કરાર આધારિત પધ્ધતિથી ફાળવવામાં આવે છે માટે પૂરા સમય માટે યુનિવર્સિટી કેમ્પસ પર સફાઈ કામદાર ઉપસ્થિત ન હોતા નાની મોટી પરેશાનીઓનો રહે છે તે ધ્યાને લેતાં આ જગ્યાઓ પર નિમણૂંક કરવામાં આવે તો આવી સમસ્યાઓ સત્વરે નિવારી શકાય તે હેતુ સર અત્રે મેળવવામાં આવેલ બાયો ડેટા મુજબની વ્યકિતઓને આ જગ્યા પર નિમણૂંક કરવા માટે નિમણૂંકની પધ્ધતિ તથા તેઓનું માસિક મહેનતાણું નકકી કરવા અને નિમણુંક આપવા અંગેની ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

પના નંબર : ૪ : પર ચાલુ..

**ઠરાવ : ૩ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગત તારીખ ૧૩મી મે ૨૦૧૧નાં રોજ મળેલ એકિઝક્યુટીવ કાઉન્સિલની બેઠકનાં ઠરાવ : ૧૧ : મુજબ સિવિલ ઈજનેરની નિમણૂંક સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમો મુજબ કરાર આધારિત પધ્ધતિ અન્વયે ફિક્સ પગારથી ભરતી કરવી તથા પ્લંમ્બર,ઈલેક્ટ્રીશીયન તથા સફાઈ કામદારની સદર જગ્યાઓ આઉટ સોર્સીંગ / કરાર આધારિત ફિક્સ વેતન પધ્ધતિ અન્વયે ભરવા સંબંધે કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૪. એમ.એ. આર્કિયોલોજી વિભાગ માટે માનદ્ નિયામકની નિમણુંકને મંજૂર કરવા બાબત :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી કેમ્પસ પર એમ.એ. આર્કિયોલોજી વિભાગ સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવામા આવેલ હોતા તે અંર્તગત અધ્યાપન કાર્ય અને વહીવટી કામગીરી માટે અનુભવી માનદ્ નિયામકશ્રીની નિમણુંક કરવી જરૂરી હોતા શ્રી દિનકરભાઈ મહેતા, રિટાયર્ડ ડાયરેક્ટર,આર્કિયોલોજી વિભાગની માનદ્ નિયામકશ્રી તરીકે માસિક રૂપિયા ૧૫,૦૦૦/– માનદ્ વેતન પર નિમણુંક કરવામાં આવેલ છે જેની મંજૂરી આપવા અંગે થયેલ ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૪ :** શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ – ૧૨ થી શરૂ કરાયેલ આર્કિયોલોજી વિભાગ માટે શ્રી દિનકરભાઈ મહેતા, રિટાયર્ડ ડાયરેક્ટર, આર્કિયોલોજી વિભાગની માનદ્ નિયામકશ્રી તરીકે માસિક રૂપિયા ૧૫,૦૦૦/– માનદ્ વેતન પર કરવામા આવેલ નિમણુંકને આથી સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

૫. એમ.એસસી.– આઈ.ટી. અને પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમો માટે અધ્યાપકોની નિમણુંકને મંજૂર કરવા બાબત :

ગત તારીખ ૭/૮/'૧૧નાં રોજ એમ.એસસી.–આઈટી અને પી.જી.ડી.સી.એ.નાં સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે અધ્યાપકોની નિમણુંક કરવા માટે ઓપન ઈન્ટરવ્યુ યોજવામાં આવેલ હતા જે અન્વયે પસંદગી સમિતીએ તૈયાર કરેલ પસંદગી યાદી પૈકી બે ઉમેદવાર હાજર થયેલ છે અને બે જગ્યાઓ ખાલી રહેતા આ જગ્યાઓ પર વેઈટીંગ લીસ્ટ મુજબ શ્રી મુલાણી મહેશ ડી. અને વાસાણી ભાવેશ આર.ને આપવામાં આવેલ નિમણૂંકને મંજૂર રાખવા અંગે થયેલ ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૫ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર જગ્યાઓ પર નિમણૂંક આપવા સંદર્ભે વધુ વિગતો એકિઝક્યુટીવ કાઉન્સિલ સમક્ષ મૂકવી.

પના નંબર : ૫ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

## ૬. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...

### (૧) રાજ્ય સરકારશ્રીની ઠરાવ મુજબ NET / SLET / UPSCનાં વર્ગો યુનિવર્સિટી કેમ્પસ પર શરૂ કરવા માટે વ્યવસ્થા ઉભી કરવા બાબત :

રાજય સરકારશ્રીનાં ઠરાવ મુજબ યુનિવર્સિટી કેમ્પસ પર NET / SLET / UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અન્વયે પરીક્ષાર્થીઓ માટે માર્ગદર્શન વર્ગો શરૂ કરવા માટે યોગ્ય માર્ગદર્શકની જરૂરિયાત રહે છે, અમુક વિષયો સંદર્ભે માર્ગદર્શક કચ્છમાં ઉપલ્બધ ન હોવાથી બહાર ગામથી બોલાવવા પડતા હોય, તે અન્વયે પડતી મુશ્કેલીઓ નિવારવા તથા ઓછા ખર્ચથી સદર વ્યવસ્થા કેમ્પસ પર ઉભી કરવા આપણી યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવેલ વર્ચ્યુઅલ કલાસીસનો ઉપયોગ કરી આ વ્યવસ્થા ઉભી કરી શકાય.

ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સાથે થયેલ ચર્ચા મુજબ જો સદર વ્યવસ્થા પૂરી પાડવા માટેનાં ઈલેકટ્રોનીકસ સાધનો જેવા કે ડિકોડર, વિઝન સ્ક્રીન વગેરે અત્રેથી તેઓને ફાળવવામાં આવે તો, ત્યાં યોજવામાં આવતાં માર્ગદર્શન વ્યાખ્યાનોનું પ્રસારણ વર્ચ્યુઅલ કલાસીસની મદદથી અત્રે કરવા માટે તેઓ સંમત થયેલ છે. આ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો કચ્છના પરીક્ષાર્થીઓને તજજ્ઞોનું માર્ગદર્શન ઘર આંગણે પુરુ પાડી શકાય આ હેતુસર અવા ઈલેકટ્રોનીકસ સાધનો ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે સ્થળાંતર કરવા માટે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર વ્યવસ્થા ઉભી કરવા માટે યુનિવર્સિટીની માલિકીનાં ઈલેકટ્રોનીકસ સાધનો ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ ખાતે સ્થળાંતર કરવા માટે આ સાધનોની જળવણી, ઉપયોગ, માલિકી હક તથા આ તબદીલીની સમય માર્યદા વગેરે જેવી શરતો નિયત કરી આ વ્યવસ્થા ઉભી કરવી અને NET / SLET / UPSCનાં માર્ગદર્શક વર્ગોની વ્યવસ્થા ઉભી કરવી.**

### (૨) નવા શરૂ થયેલ અભ્યાસક્રમો અન્વયે પરીક્ષા સેન્ટર આપવા બાબત :

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી માંડવી,ગાંધીધામ, રાપર અને અબડાસા ખાતે નવા શરૂ થયેલ અભ્યાસક્રમોની CBCS અમલીકરણ અન્વયે આગામી નવેમ્બર'૧૧ દરમ્યાન પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાઓ યોજવાની રહે છે તે માટે આ નવા શરૂ કરાયેલ અભ્યાસક્રમો

પના નંબર : ૬ : પર ચાલુ..

માટે પરીક્ષા સેન્ટર ફાળવવા અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**<u>ઠરાવ : ૭ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નવી શરૂ થયેલ રાપર અને અબડાસાની કોલેજોનાં પરીક્ષા સેન્ટરો મંજૂર કરવામાં આવે છે. તથા માંડવી અને ગાંધીધામમાં *શરૂ થયેલ ગુજરાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી રાજાભાઈ પી. પટેલ કોમર્સ કોલેજનાં* પરીક્ષા સેન્ટરો તે શહેરમાં ચાલતા પરીક્ષા સેન્ટરો જ રહેશે.**

**(૩) સેમેસ્ટર –CBCS અમલીકરણ અન્વયે એસેસમેન્ટની કામગરી બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમો પણ CBCS પધ્ધતિનું અમલીકરણ થવાથી વર્ષમાં બે વખત પરીક્ષાઓ યોજવામાં આવશે માટે એસેસમેન્ટની કામગીરી પણ બેવડાશે વળી એક સેમેસ્ટર ૯૦ દિવસનું હોવાથી અધ્યાપન કાર્ય અને એસેસમેન્ટ આ બન્ને કામગીરીને યોગ્ય રીતે અને નિયત સમયમર્યાદામાં પૂરી કરવાની રહેશે જે અધ્યાપકોની ઘટને ધ્યાને લેતા મુશ્કેલ જણાઈ રહેલ હોતા, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અન્વયે પ્રથમ તથા દ્વિતિય વર્ષ સંબંધિત એસેસમેન્ટની કામગીરી કોલેજ કક્ષાએ અને તૃતિય વર્ષ માટે યુનિવર્સિટી કક્ષાએ એસેસમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવે તો અધ્યાપકોનો યુનિવર્સિટી સુધી આવવા–જવાનો સમય બચી શકશે વળી તેઓ પોતાના નવરાશના સમયનો પણ સદ્‌ઉપયોગ કરી કોલેજ કક્ષાએ જ આ કામગીરી કરી શકશે આવી વ્યવસ્થા ગોઠવવા માટેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮</u> :** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદર બાબત ગત તારીખ ૨૪મી જુન ૨૦૧૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ખાસ સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ : દ્વારા રચવામાં આવેલ પરીક્ષા ફી વધારા સમિતીની ભલામણ મેળવી, ત્યાર ફેર વિચારણા અર્થે બાદ રજૂ કરવી.**

**(૪) યુનિવર્સિટી કેમ્પસ પર પાણીનાં શુધ્ધીકરણ માટે આરો પ્લાંન્ટ બેસાડવા માટે હાથ ધરાયેલ કાર્યવાહીને બહાલ રાખવા બાબત :**

ગત તારીખ ૧૩મી મે ૨૦૧૧નાં રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠકનાં ઠરાવ : ૪ : મુજબ યુનિવર્સિટી કેમ્પસ પરનાં પાણીનું શુધ્ધીકરણ કરવા માટે આરો પ્લાંન્ટ બેસાડવા માટે હાથ ધરાયેલ કાર્યવાહી અન્વયે અત્રેથી ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતા જે અન્વયે કુલ ચાર પાર્ટીઓએ ભાવ ભરેલ હતા જે પૈકી હાયડ્રો પ્લોરીફીકેશન ટેકનોલોજી,

પના નંબર : ૭ : પર ચાલુ..

સુરતનાં ભાવ સૌથી ઓછા ₹ ૮,૯૦,૮૭૫ અંકે રૂપિયા આઠ લાખ નેવુ હાજર આઠસોપંચોતેર પૂરા છે જે બહાલ રાખી આગળની કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૯ :</u>** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, પાણી શુધ્ધીકરણ અન્વયે આરો પ્લાન્ટની વ્યવસ્થા કેમ્પસ પર ઉભી કરવા માટે હાથ ધરાયેલ ટેન્ટર પ્રક્રિયા મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર પાર્ટી હાયડ્રો પ્લોરીફીકેશન ટેકનોલોજી, સુરતનાં ભાવો સ્વીકારવા અને આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel
ઇ. ચા. કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

---